**કલમ–૪(૧)(બી)(૪): પોતાના કાર્યો બજાવવા માટે પોતે નકકી કરેલા ધોરણો**

- Function of Indoor Stadium

A convenient venue for organizing sports, cultural programs, music shows, fashion events, seminars, conferences and so on and can be hired / rented for these activities

સીની. કલાર્ક અને
જાહેર માહિતી અધિકારી

## સુરત મહાનગરપાલિકાની તા.૨૯–૪–૨૦૧૭ ના રોજ મળેલ

## માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–

* * * * * * *

સ્થાયી સમિતિ ઠરાવ નં.૪૭૪/૨૦૧૭ થી ભલામણ કર્યા મુજબ, ઈનડોર સ્ટેડીયમ સને ૧૯૯૮ માં શરૂ કરવામાં આવ્યા બાદ તેના બુકીગ તેમજ સંચાલન અંગેના નિયમો સામાન્ય સભાના તા.૩૦–૮–૨૦૦૮ ના ઠરાવ નં.૫૧૧/૨૦૦૮ થી સુધારવામાં આવ્યા બાદ જેને ૮ વર્ષથી વધુ સમય થઈ ગયેલ હોય ઈન્ડોર સ્ટેડીયમનો રમતગમત સહિત સામાજીક પ્રવૃત્તિઓ માટે વધુમાં વધુ ઉપયોગ થાય અને આયોજકોની રજુઆતોને પણ ન્યાય મળે તે મુજબનો વ્યવહારિક અભિગમ અપનાવી તેમજ ઈન્ડોર સ્ટેડીમય જેવા મહત્વાકાંક્ષી પ્રકલ્પો નફાકારકતાના ધોરણે કામ કરતા થાય તે માટે ઈન્ડોર સ્ટેડીયમના નીચે જણાવેલ ભાડાના દરો તેમજ બુકીંગ અને સંચાલન અંગેની નીચે જણાવેલ જોગવાઈ તથા નિયમો મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વિગત | જોગવાઈ | રીમાર્ક |
|---|---|---|---|
| ૧. | બુકીંગ પધ્ધતિ | ઓન લાઈન | |
| ૨. | બેનર ચાર્જ | પ્રથમ ૧૦ વિનામૂલ્યે અને ત્યારબાદ ચાર્જેબલ | રૂા.૨૦૦/– પ્રતિ બેનર |
| ૩. | સ્ટોલ ચાર્જ (ફૂડ સ્ટોલ સિવાય) | પ્રથમ ૦૨ વિનામૂલ્યે અને ત્યારબાદ ચાર્જેબલ | રૂા.૫૦૦/–પ્રતિ સ્ટોલ |
| ૪. | દંડની રકમ | લઘુત્તમ | ડીપોઝીટ જપ્ત કરવા સુધીની જોગવાઈ |

| | | | |
|---|---|---|---|
| | | રૂા.૧૦,૦૦૦/– | |
| ૫. | સેશનની સમયમર્યાદા | ૪ ક. થી ૧૨ ક. સુધી | સતત ૧૨ ક.થી વધુ કોઈ કાર્યક્રમ ચાલતો ન હોય, મહત્તમ સમય ઘટાડેલ છે. |
| ૬. | રમત ગમતની સ્પર્ધાઓ માટે ભાડુ | નિયત દરના ૧૦% | |
| ૭. | શૈક્ષણિક હેતુ માટે ભાડુ | નિયત દરના ૫૦% | |
| ૮. | સામાજીક, સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો માટે ભાડુ | નિયત દરના ૭૫% | |
| ૯. | વ્યાવસાયિક કાર્યક્રમો માટે ભાડુ | નિયત દરના ૧૦૦% | |
| ૧૦. | ભાડાના દર | સોમ થી ગુરૂ નિયત દરના ૭૫%<br>શુક્ર થી રવિ નિયત દરના૧૦૦% | |

(૫) ઈનડોર સ્ટેડીયમના ભાડાના વર્તમાન દરો

| સેશન | દર (રૂા.) | રીમાર્ક |
|---|---|---|
| સવારે | ૧,૬૦,૦૦૦/– (પીક સીઝન)<br>૧,૨૦,૦૦૦/–<br>(લીન સીઝન) | સેશનની સમયમર્યાદા ૩ા ક. થી વધારીને ૪ ક.ની કરેલ છે. |
| બપોરે | ૨,૦૦,૦૦૦/– (પીક સીઝન)<br>૧,૫૦,૦૦૦/–<br>(લીન સીઝન) | સેશનની સમયમર્યાદા ૩ા ક. થી વધારીને ૪ ક.ની કરેલ છે. |
| સાંજે | ૨,૪૦,૦૦૦/–<br>(પીક સીઝન)<br>૧,૮૦,૦૦૦/–<br>(લીન સીઝન) | સેશનની સમયમર્યાદા ૩ા ક. થી વધારીને ૪ ક.ની કરેલ છે. |
| ફુલ ડે | ૩,૬૦,૦૦૦/–<br>(પીક સીઝન)<br>૨,૭૦,૦૦૦/–<br>(લીન સીઝન) | સેશનની સમયમર્યાદા ૧૬ા ક. થી ઘટાડીને ૧૨ ક.ની કરેલ છે. |

(૧) ઉપરોકત સૂચવેલ દરો શુક્રવારથી રવિવાર સુધીના વીક એન્ડ દરમ્યાન યોજાતા કાર્યક્રમો માટેના છે.

(૨) સોમવારથી ગુરૂવાર દરમ્યાન યોજાતા કાર્યક્રમો માટે ઉપરોકત દરોના ૭૫% મુજબ ભાડુ વસુલ લેવું.

(૩) સામાન્ય સભા ઠરાવ નં.૫૧૧/૨૦૦૮,તા.૩૦–૭–૨૦૦૮ થી મંજુર થયેલ ઈન્ડોર સ્ટેડીયમના વર્તમાન દરો અને શરતોના સ્થાને નીચે જણાવેલ સુચિત દરો અને શરતો માન્ય રાખી તદાનુસાર ઈન્ડોર સ્ટેડીયમનું સંચાલન અને ઓનલાઈન બુકીગ,રીફીંડ વિગેરે કાર્યવાહી કરવી.

(૪) માન્ય કરેલ ગુજરાતી ભાષાની શરતોનો અંગ્રેજી ભાષાના વિદ્વાન વ્યકિત પાસે અંગ્રેજીમાં અનુવાદ કરાવી, તે અનુવાદ માન્ય રાખવા મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૫) માન્ય કરેલ દરો અને શરતોનો અમલ આગામી તા.૧–૭–૨૦૧૭ થી કરવાનું અને તા.૧–૭–૨૦૧૭ તથા ત્યારબાદ મળનાર નવા બુકીંગ માટે સુધારેલ દરો મુજબ ભાડું તથા ડીપોઝીટની રકમ વસુલ લેવી.

(૬) તા.૧–૭–૨૦૧૭ અને ત્યારબાદ યોજાનાર કાર્યક્રમ માટે તા.૧–૭–૨૦૧૭ અગાઉ વર્તમાન દરો અને શરતો મુજબ બુકીંગ કરાવી ગયેલ આયોજકોનું બુકીંગ માન્ય રાખવું.

## ઠરાવ નં.૧૯૬/૨૦૧૭ સર્વાનુમતે મંજુર.

=========================================

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

પોલીસી ફાઈલ નં.૭૬૮

ઈ.ચા.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા.૦૨/૦૫/૨૦૧૭

સી.સા.સ./૬/૯૮
તા.૩/૫/૨૦૧૭



## પ્રકરણ (૧) બુકીંગ અંગેના નિયમો

૧. સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા–ઉમરા વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૫, ફા.પ્લોટ નં. એમ–૭ ખાતે નિર્મિત અને સંચાલિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરવા ઈચ્છતી કોઈપણ વ્યકિત અથવા સંસ્થા સુરત મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઈટ www.suratmunicipal.gov.in મારફત ઓનલાઈન અરજી કરી, બુકીંગ કરાવી શકશે અથવા સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત નાગરિક સુવિધા કેન્દ્રો ખાતેથી રવિવાર કે જાહેર રજાના દિવસો સિવાય અન્ય કોઈપણ દિવસે કચેરી સમય દરમ્યાન (સવારે ૧૧.૦૦ ક. થી સાંજે ૫.૦૦ ક. સુધી) ઓફલાઈન અરજી કરી, બુકીંગ કરાવી શકશે. અરજી ફી પેટે રૂા.૨,૦૦૦/– (નોન રીફંડેબલ) અરજદાર વ્યકિત / સંસ્થા ધ્વારા જમા કરાવેલ ડીપોઝીટની રકમમાંથી વસુલ લેવામાં આવશે.
(સા.સ.ઠ.નં. ૧૩૦/૨૦૧૮, તા.૨૭/૦૪/૨૦૧૮ થી સુધારો)

૨. ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે તારીખથી વધુમાં વધુ ૩૬૫ દિવસ અગાઉ અને ઓછામાં ઓછા ૨૪ કલાક અગાઉથી અરજી કરવાની રહેશે. આ સમયમર્યાદામાં ફેરફાર કરવાની સત્તા ઈનડોર સ્ટેડીયમના વિભાગીય વડાશ્રીને રહેશે.
(સા.સ.ઠ.નં.૮૦/૨૦૧૮, તા.૨૮/૦૩/૨૦૧૮ થી સુધારો)

૩. ઈન્ડોર સ્ટેડિયમનું બુકીંગ કોમ્પ્યુટર સિસ્ટમ આધારીત હોય અને જે કોમ્પ્યુટર સિસ્ટમની ઝડપ તેમજ કાર્યક્ષમતા ઉપર નિર્ભર હોય, જેના કારણે બુકીંગની પ્રક્રિયા દરમ્યાન જો કોઈ વિલંબ થાય અને / અથવા કોઈ ખામી સર્જાય તો તે માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહીં.

૪. બુકીંગ અંગેની કોઈપણ અરજી અન્વયે ઈન્ડોર સ્ટેડિયમ વાપરવાની પરવાનગી આપવી કે નહીં તે બાબતનો નિર્ણય મ્યુનિ. કમિશનરશ્રીની મુનસફી ઉપર રહેશે અને જે અરજદારને બંધનકર્તા રહેશે.

૫. કોઈ તારીખે કોઈપણ વ્યકિત કે સંસ્થા ધ્વારા ઈન્ડોર સ્ટેડિયમનું અગાઉથી બુકીંગ કરાવવામાં આવ્યુ હશે,

તો પણ ખાસ સંજોગોમાં તેવુ બુકીંગ કોઈપણ કારણો જણાવ્યા સિવાય રદ કરવાની સત્તા મ્યુનિ.કમિશનરશ્રીને રહેશે. આ રીતે બુકીંગ રદ કર્યાની જાણ જે તે વ્યકિત કે સંસ્થાને કાર્યક્રમની તારીખથી પાંચ દિવસ અગાઉ કરવામાં આવશે. આ પ્રમાણે બુકીંગ રદ કરવામાં આવે તો તેવા સંજોગોમાં અરજદારે ભરેલ ભાડાની રકમ તથા ડીપોઝીટની રકમ પુરેપુરી પરત કરવામાં આવશે. પરંતુ કોઈપણ નુકશાની કે અન્ય વળતર ચુકવવાની સુરત મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહીં તેમજ તે અંગે અરજદાર તરફથી કોઈપણ પ્રકારની તકરાર ચલાવી લેવામાં આવશે નહીં.

૬. સામાન્ય રીતે કોઈપણ વ્યકિત કે સંસ્થાને એક સાથે ૧૫ સેશનથી વધુ સેશન માટે ઈન્ડોર સ્ટેડિયમ વાપરવા માટેનું બુકીંગ મળી શકશે નહીં. તેમ છતાં, ખાસ કિસ્સામાં ૧૫ સેશનથી વધુ સેશન માટે ઈન્ડોર સ્ટેડિયમ ફાળવવાની સત્તા ઈનડોર સ્ટેડીયમના વિભાગીય વડાશ્રીને રહેશે.

૭. ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરવા માટે જે તારીખ અને સેશનનું બુકીંગ મેળવવામાં આવ્યુ હોય તે તારીખ અથવા સેશનમાં અરજદાર ફેરબદલ કરવા ઈચ્છતા હોય અથવા કાર્યક્રમના પ્રકારમાં ફેરબદલ કરવા ઈચ્છતા હોય તો તેવા સંજોગોમાં ઈન્ડોર સ્ટેડિયમની ઉપલબ્ધતાને આધિન અરજદાર ઓનલાઈન તારીખ / સેશન કે કાર્યક્રમ ફેરબદલ કરી શકશે. જે બદલ અરજદાર ધ્વારા તફાવતની રકમ ઉપરાંત તારીખ ફેરબદલ પેટે રૂા.૫૦૦૦/– તાત્કાલિક ઓનલાઈન ચૂકવવાના રહેશે.



૮. બુકીંગ મેળવનાર વ્યકિત કે સંસ્થા જો કોઈ સંજોગોમાં ઈન્ડોર સ્ટેડિયમનું બુકીંગ રદ કરાવવા ઈચ્છતા હોય તો તેવા સંજોગોમાં જે તારીખ માટે બુકીંગ મેળવવામાં આવ્યુ હોય તેની સમયમર્યાદા અનુસાર નીચે મુજબની રકમ કાપી લઈ તેમજ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર વસુલ લેવા પાત્ર કર વેરા વિ. વસુલ લઈ, બાકી રકમ અરજદારને પરત કરવામાં આવશે.

| અ.નં. | આરક્ષણ રદ કરવાની અરજી કાર્યક્રમની તારીખથી | ભાડામાંથી કાપી લેવાની રકમ |
|---|---|---|
| ૧. | ૩૦ દિવસ પહેલાં કરવામાં આવે તો | ૨૫% |
| ૨. | ૧૫ દિવસ પહેલાં અને ૩૦ દિવસની અંદર કરવામાં આવે તો | ૫૦% |
| ૩. | ૭ દિવસ પહેલાં અને ૧૫ દિવસની અંદર કરવામાં આવે તો | ૬૦% |
| ૪. | ૨ દિવસ પહેલાં અને ૭ દિવસની અંદર કરવામાં આવે તો | ૭૦% |
| ૫. | ૨ દિવસ અંદર કરવામાં આવે તો | **૯૦%** |

૯. બુકીંગ માટેની અરજીમાં જે વ્યકિત કે સંસ્થાનું નામ કાર્યક્રમના આયોજકો તરીકે દર્શાવવામાં આવ્યુ હશે, તેમાં કોઈપણ સંજોગોમાં ફેરબદલ કરવા દેવામાં આવશે નહીં. અર્થાત આયોજક સિવાયની અન્ય કોઈ વ્યકિત કે સંસ્થા તે કાર્યક્રમ અંગે ઈન્ડોર સ્ટેડિયમનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બુકીંગ મેળવી શકશે નહીં. ઈન્ડોર સ્ટેડિયમ ભાડે રાખનાર અન્યને પેટા ભાડે આપી શકશે નહીં અથવા પરવાનગી નામ ફેર કરી શકશે નહીં. અરજદાર સિવાયની અન્ય કોઈ વ્યકિત કે સંસ્થાને કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહીં. આ નિયમનો ભંગ કર્યાનું માલુમ પડશે તો સબંધકર્તા વ્યકિત કે સંસ્થા ધ્વારા અરજી સાથે ભરવામાં આવેલ ભાડુ અને ડીપોઝીટની સઘળી રકમ જપ્ત કરવામાં આવશે તથા બુકીંગ આપોઆપ રદ થયેલ ગણાશે.

૧૦. (અ) ફોર્સ મેજર **(FORCE MAJEURE)** કલોઝમાં ગણાતી કુદરતી આફતો, વાવાઝોડુ, રેલ, રોગચાળો, કુદરતી આપત્તિ અથવા જાહેર સુલેહ શાંતી જોખમાય તેવા અસામાન્ય સંજોગોમાં પૂર્વ નિર્ધારીત અથવા ચાલુ કાર્યક્રમ રદ કરવાની પરિસ્થિતી ઉભી થાય તો તેવા સંજોગોમાં ભાડુ તથા ડીપોઝીટની રકમ અરજદારને પરત કરવા બાબતે નિર્ણય લેવા મ્યુનિ. કમિશનરશ્રી અધિકૃત રહેશે.

(બ) ઈન્ડોર સ્ટેડિયમ નિભાવના સીવીલ, મીકેનીકલ, ઈલેકટ્રીકલ કામના આકસ્મિક ફોલ્ટ કે નિભાવને કારણે અગાઉથી આખો કાર્યક્રમ રદ કરવો પડે તો તેવા સંજોગોમાં ભાડુ અને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે. પરંતુ, કોઈ નુકશાની કે અન્ય વળતર ચુકવવામાં આવશે નહી.

૧૧. કોઈપણ પ્રકારના મેજર રીપેરીંગ, મેઈન્ટેનન્સ કે અન્ય કોઈ જરૂરી કામગીરી હેતુ ઈન્ડોર સ્ટેડિયમ વપરાશ અર્થે ફાળવી શકાય તેમ ન હોય તો જે તે સમયગાળા માટે ઈન્ડોર સ્ટેડિયમનું બુકીંગ હંગામી ધોરણે સ્થગિત કરવા મ્યુ. કમિશનરશ્રી અધિકૃત રહેશે.



## પ્રકરણ (૨) ડીપોઝીટ તથા ઈન્ડોર સ્ટેડિયમના વપરાશ માટેના દર

(૧) ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરવા ઈચ્છતી વ્યકિત કે સંસ્થા ધ્વારા ઓનલાઈન અરજી સાથે ઈન્ડોર સ્ટેડિયમના ભાડા તથા ડીપોઝીટની રકમ પૂરેપૂરી ઓનલાઈન જમા કરાવવાની રહેશે. ભાડુ તેમજ ડીપોઝીટની વિગત પરિશિષ્ટ (અ) અને (બ) માં દર્શાવેલ છે. ઓફલાઈન અરજીના કિસ્સામાં પરિશિષ્ટ (અ) અને (બ) મુજબની રકમ અરજી સાથે સુરત મહાનગરપાલિકા સંચાલિત નાગરિક સુવિધા કેન્દ્રો ખાતે રવિવાર કે જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન જમા કરાવવાની રહેશે. ભાડાની રકમ, ડીપોઝીટની રકમ તથા અન્ય ભરવાપાત્ર થતી રકમ રોકડેથી અથવા 'કમિશનર, સુરત મહાનગરપાલિકા' ના નામના કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફટ/ પે ઓર્ડર (સુરત ખાતે ચુકવવા પાત્ર) થી સ્વીકારવામાં આવશે.

(૨) વ્યવસાયી મનોરંજન કાર્યક્રમ જેવા કે મ્યુઝીકલ, ડાન્સ અથવા એવા કાર્યક્રમો કે જેમા મનોરંજન ક્ષેત્રના કલાકારો, ગાયકો, નિર્દેશકો વિગેરે અથવા અન્ય નામાંકિત વ્યકિતઓ (સેલીબ્રીટી) હાજરી આપવાની હોય અથવા ભાગ લેવાની હોય અને તેવી જાહેરાત કરવામાં આવી હોય તો તેવા કાર્યક્રમો કે તે પ્રકારના અન્ય કાર્યક્રમો માટે નિયત ડીપોઝીટ ઉપરાંત રૂા. ૨૫,૦૦૦/– કે તેથી વધુ રકમ ડીપોઝીટ તરીકે લેવાની સત્તા ઈનડોર સ્ટેડીયમના ઈ.ચા. અધિકારીશ્રીને રહેશે.

(૩) (૧) ઈન્ડોર સ્ટેડિયમ વાપરવા માટે નીચે જણાવ્યા પ્રમાણેના સમયખંડો (સેશન) રહેશે.

સેશન–૧ : સવારે ૦૮.૦૦ ક. થી બપોરે ૧૨.૦૦ ક. સુધી (૪ કલાક)
સેશન–૨ : બપોરે ૦૨. ૦૦ ક. થી સાંજના ૦૬.૦૦ ક. સુધી (૪ કલાક)
સેશન–૩ : રાત્રે ૦૮. ૦૦ ક. થી મધ્યરાત્રિના ૧૨.૦૦ ક. સુધી (૪ કલાક)
સેશન–૪ : સવારે ૧૦.૦૦ ક. થી રાત્રિના ૧૦.૦૦ ક. સુધી (૧૨ કલાક)

ઉપરોકત સમય ખંડની મર્યાદા અન્વયે પરવાનાને આધિન રહીને જો આયોજક ધ્વારા વધુ સમય માટે કાર્યક્રમ ચલાવવામાં આવશે તો ૩૦ મિનિટ દીઠ રૂા.૨૫,૦૦૦/– ના દરે વધારાના ભાડા પેટે તાત્કાલિક જમા કરાવવાના રહેશે અથવા ડીપોઝીટમાંથી વસુલ લેવામાં આવશે. તેમ છતાં વધારાનો સમય પરવાનાને આધિન વધુમાં વધુ ૬૦ મિનિટનો રહેશે. ઉપરોકત સમયખંડની સમયમર્યાદામાં સંજોગો અનુસાર ફેરફાર કરવાની સત્તા ઈનડોર સ્ટેડીયમના વિભાગીય વડાશ્રીને રહેશે.

(૨) પ્રત્યેક સેશનના પ્રારંભ પહેલા બે કલાક અગાઉ ઈનડોર સ્ટેડીયમનો કબજો પરિસ્થિતિ અનુસાર પૂર્વ પ્રાથમિક તૈયારીઓ માટે વિના મૂલ્યે આપવામાં આવશે. તેના કરતા વધુ સમયની જરૂરીયાતના કિસ્સામાં આયોજક ધ્વારા વધારાના સમય માટે ઓનલાઈન બુકીંગ કરી, ભાડુ તેમજ ડીપોઝીટની રકમ જમા કરાવવાની રહેશે.

(૩) ઈન્ડોર સ્ટેડિયમનો ઉપયોગ કરવા માટે ભાડાના દર આ સાથેના પરિશિષ્ટ અ–૧ તથા અ–૨ અને બ–૧ તથા

બ–૨ મુજબ લેવામાં આવશે.

(૪) ખરેખર વિજળી વપરાશ અંગેની રકમ સુરત મહાનગરપાલિકાને વિજ પૂરવઠો પૂરો પાડતી સંસ્થાના જે તે સમયે અમલમાં હોય, તે દરો મુજબ વસુલ લેવામાં આવશે.

(૫) પ્રવર્તમાન દરોએ સર્વિસટેક્ષ કે અન્ય લાગત કર વેરા વિગેરે આયોજકની ડીપોઝીટ માંથી વસુલ લેવામાં આવશે.

(૬) આ સાથે દર્શાવેલ જાહેર તહેવારોના દિવસે ઈનડોર સ્ટેડીયમ જાહેર જનતાના વપરાશ હેતુ બંધ રહેશે. (૧) મકર સંક્રાંતિ (૨) ધૂળેટી (૩) રક્ષાબંધન (૪) દિવાળી (૫) નૂતન વર્ષ દિન (૬) ભાઈબીજ

(૪) કાર્યક્રમ અંગે નીચે મુજબની વ્યવસ્થા ઈનડોર સ્ટેડીયમમાંથી આપવામાં આવતી નથી અને તે અંગે જરૂરી વ્યવસ્થા આયોજકો તરફથી કરવાની રહેશે.

(અ) સ્ટેડિયમમાં ફીટ કરવામાં આવેલ ખુરશીઓ સિવાયની વધારાની ખુરશીઓ અને સ્ટેજ.

(બ) સ્ટેડીયમમાં ફીટ કરવામાં આવેલ લાઈટ સિવાયની વધારાની લાઈટ.

(ક) પબ્લીક એડ્રેસ સીસ્ટમ સિવાયની પ્રોફેશનલ સાઉન્ડ સીસ્ટમ.

(ડ) કાયદો અને વ્યવસ્થાની જાળવણી (સીકયુરીટી, પાર્કીંગ વિ. સહિત)

ઈનડોર સ્ટેડીયમમાં ઉપલબ્ધ સુવિધાઓ પૈકી જે તે સમયે ખરેખર ઉપલબ્ધ થઈ શકે તેમ હોય, તેવી સુવિધા આયોજકને વપરાશ હેતુ આપવામાં આવશે. પરંતુ, ઉપલબ્ધ થઈ શકે તેમ ન હોય, તેવી સુવિધાઓ આપવા માટે આયોજક સુરત મહાનગરપાલિકાને આગ્રહ કરી શકશે નહીં.

..૪..

## પ્રકરણ (૩) આયોજકની જવાબદારીઓ અને ફરજો

૧. કાર્યક્રમના આયોજન હેતુ આયોજક ધ્વારા જે કોઈ સાધન સામગ્રી, સેટીંગ, ફર્નીચર, લાઈટ વિ. લાવવામાં આવે તે તમામ સાધન સામગ્રીઓ ઈન્ડોર સ્ટેડિયમના ઈ.ચા. અધિકારી અથવા ફરજ ઉપરના કર્મચારીને રૂબરૂ દેખાડવાની રહેશે તથા કાર્યક્રમ બાદ આવી તમામ સાધન સામગ્રીઓ નિર્ધારીત સમય મર્યાદામાં ચેક કરાવી, પરત લઈ જવાની રહેશે.

૨. ઈન્ડોર સ્ટેડિયમની લાઈટ તથા સાઉન્ડ વિ.ની કન્ટ્રોલ કેબીનમાં અધિકૃત ઓપરેટર સિવાય અન્ય કોઈ વ્યકિતને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૩. કાર્યક્રમ દરમ્યાન ઈન્ડોર સ્ટેડિયમના મંચ ઉપર કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો તથા નેપથ્યના કસબીઓ તથા અન્ય કોઈ વ્યકિત જે અગત્યના કારણોસર કાર્યક્રમ સાથે સંકળાયેલા હોય તે સિવાયની કોઈપણ વ્યકિતને આયોજકે દાખલ થવા દેવાના નથી.આવી બિનઅધિકૃત વ્યકિતઓને ઈ.ચા. અધિકારી મંચ ઉપરથી દુર કરી શકશે. કાર્યક્રમ સાથે સીધી રીતે સંકળાયેલ વ્યકિતઓને ઓળખ માટે આયોજક ધ્વારા ઓળખ ચિહ્નો આપવાના રહેશે. જે ધારણ કર્યા સિવાયની વ્યકિતઓને મંચ ઉપર પ્રવેશ મળી શકશે નહીં.

૪. (અ) પ્રેક્ષકોના પ્રવેશથી શરૂ કરી, તેઓના પ્રસ્થાન સુધી આયોજક ધ્વારા ઈન્ડોર સ્ટેડિયમના ઈ.ચા. અધિકારી સૂચવે તેટલી સંખ્યામાં સીકયોરીટી ગાર્ડ અને ઓળખપત્ર ધારણ કરેલ સ્વયંસેવકોને સ્વખર્ચે ઈન્ડોર સ્ટેડિયમ સંકુલમાં ફરજ ઉપર હાજર રાખવાના રહેશે.

(બ) કાર્યક્રમ દરમ્યાન ઈનડોર સ્ટેડીયમમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આવનાર પ્રેક્ષકો, મહાનુભાવો તેમજ કલાકારોની સુરક્ષા અને સલામતી અંગેની સઘળી જવાબદારી આયોજકની રહેશે.

(ક) કાર્યક્રમ દરમ્યાન જો કોઈ અકસ્માત અગર ગુન્હો થાય તો તે અંગેની સઘળી જવાબદારી ઈનડોર સ્ટેડીયમ ભાડે રાખનાર આયોજકની રહેશે.

(ડ) કાર્યક્રમમાં આમંત્રિત મહાનુભાવો, કલાકારો કે પ્રેક્ષકોની રોકડ રકમ, દાગીના કે અન્ય કિંમતી ચીજ વસ્તુઓ ગુમ થાય તો તે માટે સુરત મહાનગરપાલિકા કે તેના કર્મચારીઓ જવાબદાર રહેશે નહીં.

૫. કાર્યક્રમ યોજવા અંગે પરિશિષ્ટ ' ક ' માં દર્શાવ્યા મુજબના અથવા જે તે સમયે પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈ મુજબ તમામ જરૂરી પરવાના સંબંધિત સરકારી/ અર્ધસરકારી કચેરીમાંથી મેળવીને,

આયોજક ધ્વારા કાર્યક્રમ શરૂ કરતા અગાઉ ઈ.ચા.અધિકારી સમક્ષ રજુ કરવાના રહેશે. જરૂરી પરવાનાઓ રજુ કર્યા સિવાય કાર્યક્રમ યોજી શકાશે નહીં.

૬. કાર્યક્રમ અંગેની ટીકીટો અને / અથવા આમંત્રણ પત્રિકાનું વેચાણ / વિતરણ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે આયોજક અગર તેના અધિકૃત પ્રતિનિધિ ધ્વારા જ કરવા દેવામાં આવશે. આ માટે **કાઉન્ટર દીઠ** એક દિવસનો રૂા.૫૦૦/– પ્રમાણે ચાર્જ ડીપોઝીટમાંથી વસુલ લેવામાં આવશે.

૭. ઈન્ડોર સ્ટેડિયમનો કાર્યક્રમ માટે કબજો લેતી વખતે અને કાર્યક્રમ બાદ કબજો પરત કરતી વખતે ફરજ પરના કર્મચારીની હાજરીમાં તમામ સાધન સામગ્રી, બેઠકો વિ. તપાસી લેવાની રહેશે. જો કોઈપણ સાધન સામગ્રીને કાર્યક્રમ દરમ્યાન નુકશાન થાય અથવા તો તે ગુમ થાય તો તે બદલ આયોજકે નુકશાની ભરપાઈ કરવાની રહેશે.જે રકમ આયોજક ધ્વારા ભરવામાં આવેલ ડીપોઝીટની રકમમાંથી કાપી લેવામાં આવશે. નુકશાનીની રકમ આયોજકની જમા ડીપોઝીટની રકમ કરતા વધુ હશે તો વધારાની રકમ ભરપાઈ કરી આપવાની જવાબદારી આયોજકની રહેશે. નુકશાનીની આકારણી બાબત ઈનડોર સ્ટેડીયમના વિભાગીય વડાશ્રીનો નિર્ણય આખરી અને આયોજકને બંધનકર્તા રહેશે.



૮. કાર્યક્રમમાં ભાગ લેનાર મનોરંજન ક્ષેત્રના કલાકારો તથા અન્ય અગ્રણી કલાકારોની સંમતિ મેળવેલ હોય, તેવા કરારબધ્ધ નામોની જ આયોજકે જાહેરાત કરવાની છે. મતલબ કે ટીકીટના વધુ વેચાણ માટે પ્રેક્ષકોમાં છેતરામણી જાહેરાત આયોજકે કે તેના પ્રતિનિધિઓએ કોઈપણ પ્રકારે કરવાની નથી.આ પ્રકારની છેતરામણીભરી જાહેરાતના પરિણામે ઈન્ડોર સ્ટેડિયમમાં કાર્યક્રમ દરમ્યાન કોઈ ધાંધલ ધમાલ થાય નહીં તથા તેની મિલ્કત અને સાધન સામગ્રીને નુકશાન થાય નહી તેવી પરિસ્થિતિ જાળવી રાખવા માટેનો યથાયોગ્ય પ્રબંધ કરવાની તમામ જવાબદારી આયોજકની રહેશે.

૯. કાર્યક્રમ પુરો થયા બાદ આયોજક ધ્વારા તરતજ પોતાની સાધન સામગ્રી ફરજ પરના કર્મચારીની હાજરીમાં તપાસી લઈ, પરત લઈ જવાની રહેશે. તેમ કરવામાં નિષ્ફળ ગયેથી આયોજકના હિસાબે અને જોખમે તેવી સાધન સામગ્રી ખસેડી લેવા ઈ.ચા. અધિકારી હકદાર રહેશે અને તે અંગે થયેલ ખર્ચની રકમ આયોજક પાસેથી વસુલ લેવામાં આવશે.

૧૦. (અ) ઈન્ડોર સ્ટેડિયમ સંકુલમાં રજુ થનાર કોઈપણ કાર્યક્રમમાં ફટાકડા, દારૂખાનુ અને અન્ય સળગી ઉઠે તેવા જવલનશીલ કે જોખમકારક ધડાકીયા પદાર્થો તથા જોખમી રંગ રસાયણો, ગુલાલ વિગેરે લાવી કે વાપરી શકાશે નહીં. જેના ભંગ બદલની તમામ જવાબદારી આયોજકની રહેશે.

(બ) કાર્યક્રમ દરમ્યાન આયોજક ધ્વારા સુરત મહાનગરપાલિકાનુ એક ફાયર ફાઈટર (ક્રુ સહીત) તેના નિયત ચાર્જીસની રકમ અગાઉથી જમા કરાવી, ઈનડોર સ્ટેડીયમ ખાતે હાજર રાખવાનું રહેશે.

૧૧. ઈન્ડોર સ્ટેડિયમના એરેનામાં આવેલ વુડન ફલોરીંગ અને તેની ઉપર પાથરવામાં આવેલ કાર્પેટને કોઈપણ પ્રકારે નુકશાન થાય નહીં તેની કાળજી આયોજકે લેવાની રહેશે. તેમ છતાં જો વુડન ફલોરીંગ અને / અથવા કાર્પેટને નુકશાન થશે તો તે આયોજકે ભરપાઈ કરવું પડશે. જયારે રાસ–ગરબા વિગેરે પ્રકારના કાર્યક્રમ હોય તો ફલોરીંગ અને કાર્પેટને નુકશાન ન થાય તે માટે તેવા કાર્યક્રમ અગાઉ આયોજક ધ્વારા સ્વખર્ચે ઈન્ડોર સ્ટેડિયમના એરેનામાં ફલોરીંગ ઉપર સારી ગુણવત્તાવાળી યુરીટેક્ષ ટાઈપની વધારાની કારપેટ ઈ.ચા. અધિકારીની સૂચના મુજબ અવશ્ય પાથરવાની અને સાફસફાઈ કરી, મેન્ટેઈન કરવાની રહેશે.

૧૨. ઈન્ડોર સ્ટેડિયમ ભાડે રાખનાર વ્યકિત કે સંસ્થા કાર્યક્રમની વ્યવસ્થા માટે અન્ય એજન્સીઓને રોકે અથવા પોતાની સંસ્થાના કાર્યકરો કે કામદારો પાસે કામગીરી કરાવે તો તે અંગે WORKMEN COMPANSATION POLICY લેવાની જવાબદારી ઈન્ડોર સ્ટેડિયમ ભાડે રાખનાર વ્યકિત કે

સંસ્થાની રહેશે. WORKMEN COMPANSATION અંગે સુરત મહાનગરપાલિકાની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

૧૩. ઈન્ડોર સ્ટેડિયમ સંકુલમાં કે સ્ટેડીયમના કોઈપણ આંતરીક ભાગમાં ખોદવું, તોડવું કે ખીલી ઠોકવી વિ. સ્ટેડીયમની મિલ્કતને નુકશાન થાય તે પ્રકારે કામગીરી કરવા કે કરવા દેવાની નથી તેમજ કોઈપણ પ્રકારનું નુકશાન થાય નહીં તેની કાળજી રાખવાની રહેશે. અન્યથા મરામત અંગેનો તમામ ખર્ચ આયોજક પાસેથી વસુલ કરવામાં આવશે.



## પ્રકરણ (૪) સામાન્ય નિયમો

૧. ઈન્ડોર સ્ટેડિયમમાં ફીક્ષ ખુરશીઓની ગોઠવણીમાં ફેરફાર કરી શકાશે નહી તેમજ બેઠક ક્ષમતા કરતા વધુ વ્યકિતઓને પ્રવેશ આપી શકાશે નહી. જેના ભંગ બદલ ઉપસ્થિત થનાર પરિસ્થિતિની સઘળી જવાબદારી આયોજકની રહેશે.

૨. ઈનડોર સ્ટેડિયમનાં પ્રેક્ષકગૃહની બહારનાં ભાગમાં આવેલ કોમન સ્પેસમાં ફુડ કોર્ટની વ્યવસ્થા માટે ભોંયતળીયે ૦૪ અને ટાયર લેવલે ૦૮ એમ કુલ ૧૨ જગ્યાઓ મુકરર કરવામાં આવી છે. જેના વપરાશ માટેનાં દરો નીચે મુજબ છે.
(અ) આખુ સ્ટેડિયમ : રૂા. ૩૬,૦૦૦/– પ્રતિ સેશન (કરવેરા અલગથી)
(બ) અડધુ સ્ટેડિયમ (ભોંયતળીયાનો વિસ્તાર) : રૂા. ૧૨,૦૦૦/– પ્રતિ સેશન (કરવેરા અલગથી)

ઉપરોકત ફુડ કોર્ટ એરિયાનાં વપરાશ અંગેનાં નિયમો નીચે મુજબ છે. જેનું આયોજક વ્યકિત / સંસ્થા ધ્વારા પાલન કરવાનું રહેશે.

(ક) કાર્યક્રમ દરમ્યાન ફુડ કોર્ટ રાખવાની ઈચ્છા ધરાવનાર આયોજક વ્યકિત કે સંસ્થા ધ્વારા ઈનડોર સ્ટેડિયમનાં ઓનલાઈન કે ઓફલાઈન બુકીંગ કરાવવાના સમયે જ નિયત ભાડા અને ડિપોઝીટ ઉપરાંત ફુડ કોર્ટનાં ભાડાની રકમ પણ સુરત મહાનગરપાલિકાની તિજોરીમાં જમા કરાવવાની રહેશે.

(ખ) ફુડ કોર્ટ અંગેની તમામ વ્યવસ્થા ઈ.ચા.અધિકારી સાથે સંકલન રહી ગોઠવવાની રહેશે અને નિયત જગ્યા સિવાય અન્ય કોઈ જગ્યાએ ફુડ સ્ટોલ રાખી શકાશે નહી કે સ્ટેડિયમના પ્રેક્ષકગૃહમાં ઓર્ડર લેવા કે વેચાણ કરવા હેતુ પ્રવેશ કરી શકાશે નહી.

(ગ) આયોજક ધ્વારા ફુડ કોર્ટ માટેપણ સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગમાંથી જરૂરી લાયસન્સ મેળવવાનાં રહેશે.

(ઘ) સરકારશ્રીનાં પુરવઠા વિભાગના તોલમાપ ધારા અને ભાવ નિયંત્રણ અંગેના જે તે સમયે અમલમાં હોય તેવા નિયમોનું આયોજક ધ્વારા પાલન કરવાનુ રહેશે. જેનો ભંગ થયેથી સરકારશ્રી ધ્વારા આયોજક સામે જે કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તો તે અંગે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(ચ) ફુડ કોર્ટ અને તેની આજુબાજુની જગ્યામાં સફાઈ સહિત સ્વચ્છતા વિષયક જાળવણી અંગેની સઘળી જવાબદારી આયોજકની રહેશે અને તે માટે આયોજક ધ્વારા ફુડ કોર્ટ એરિયામાં સ્વખર્ચે ડસ્ટબીન મુકવાના રહેશે તેમજ એકત્રિત થયેલ કચરાના નિકાલ માટે સુરત મહાનગરપાલિકા સૂચવે તે મુજબની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. જેમાં નિષ્ફળ ગયેથી સુરત મહાનગરપાલિકા આયોજક પાસેથી સફાઈ ખર્ચ અને/ અથવા દંડની રકમ વસુલ લેવાને હકદાર રહેશે.

(છ) પ્રેક્ષકગૃહમાં પ્રેક્ષકોને ખાદ્ય પદાર્થ કે ઠંડા / ગરમ પીણાં સાથે પ્રવેશ આપી શકાશે નહી. જે અંગે આયોજક ધ્વારા સ્વખર્ચે જરૂરી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(જ) ફુડ કોર્ટમાં માત્ર શાકાહારી ખાદ્ય પદાર્થ કે ઠંડા / ગરમ પીણાં પીરસી શકાશે. પરંતુ, બિનશાકાહારી ખાદ્ય પદાર્થો, પ્રતિબંધિત કેફી પીણાં, ગુટખા, પાન મસાલા, બીડી, સિગારેટ વિગેરે રાખી, વેચી, વહેંચી કે પીરસી શકાશે નહી.

(ઝ) ફુડ કોર્ટમાં માત્ર રાંધેલા તૈયાર ખાદ્ય પદાર્થો રાખી શકાશે. પરંતુ, સ્ટવ, રાંધણ ચૂલા, ગેસનાં સીલીન્ડર વિગેરે રાખી કે વાપરી શકાશે નહી.

(ટ) ફુડ કોર્ટમાં જો આયોજક ધ્વારા ઓવન, ફ્રીઝ, હોટ પ્લેટ, ટોસ્ટર, ઈલેકટ્રીક સગડી વિગેરે જેવા વિદ્યુત

ઉપકરણો ગોઠવવામાં આવે તો તેને ચલાવવા માટે જરૂરી વિજ પૂરવઠો ઈનડોર સ્ટેડિયમનાં હયાત ઈલેકટ્રીક ઈન્સ્ટોલેશનની ક્ષમતાને આધિન આપવામાં આવશે અને જે અંગેનો વિજળી ખર્ચ આયોજક પાસેથી વસુલ લેવામાં આવશે. વિદ્યુત ઉપકરણોનાં સલામત અને સુરક્ષિત વપરાશ અંગેની સઘળી જવાબદારી આયોજકની રહેશે.

(ઠ) ફુડ કોર્ટ વ્યવસ્થા માટે સુરત મહાનગરપાલિકાનાં જે તે સમયે અમલમાં હોય તેવા નિયમો અને સુરત મહાનગરપાલિકાનાં સક્ષમ સત્તાધિશશ્રી ધ્વારા જે કોઇ સુચનાઓ કે આદેશો આપવામાં આવે તેનુ આયોજક ધ્વારા પાલન કરવાનુ રહેશે.
(સા.સ.ઠ.નં.૩૭૮/૨૦૧૯, તા.૨૬/૦૯/૨૦૧૯ થી સુધારો)

૩. ઈન્ડોર સ્ટેડિયમની કામગીરી સાથે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે સંકળાયેલ સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને ફરજ પરના કર્મચારીઓનો કાર્યક્રમ દરમ્યાન ઈનડોર સ્ટેડીયમના કોઈપણ ભાગમાં પ્રવેશવાનો અબાધિત અધિકાર રહેશે.



૪. અણધાર્યા કે આકસ્મિક સંજોગોમાં ઈન્ડોર સ્ટેડિયમની સુવિધાઓ જેમ કે, એરકન્ડિશનીંગ, સાઉન્ડ સીસ્ટમ, વીજ પૂરવઠો વિગેરેમાં કોઈપણ જાતનો વિક્ષેપ સર્જાય તો તે માટે સુરત મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહીં.

૫. ઈન્ડોર સ્ટેડિયમમાં યોજાયેલ કોઈ કાર્યક્રમમાં આયોજક ધ્વારા કોપીરાઈટનો ભંગ થતો હશે તો તે માટે સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં. આવી સઘળી જવાબદારી આયોજકની રહેશે.

૬. ઈન્ડોર સ્ટેડિયમની લાઈટ, સાઉન્ડ સીસ્ટમ, એરકન્ડીશનીંગ, પાણી વિગેરે સેવાઓને લગતી તકલીફો કે ફરીયાદો અંગે ઈ.ચા. અધિકારીનો સંપર્ક કરવાનો રહેશે.

૭. ઈન્ડોર સ્ટેડીયમનો ઉપયોગ મુખ્યત્વે રમત ગમતને લગતી પ્રવૃત્તિઓ ઉપરાંત અન્ય વ્યાવસાયિક અને બિનવ્યાવસાયિક હેતુ માટે એટલે કે, સામાજીક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, ધાર્મિક, મનોરંજન વિ. હેતુ માટે તેમજ કાયદાકીય બાધ નડતો ન હોય તેવા તમામ પ્રકારના આયોજનો માટે પોલીસ પરવાનગીને આધિન કરી શકાશે.

૮. ઈન્ડોર સ્ટેડિયમમાં રજુ કરવામાં આવનાર કાર્યક્રમની રૂપરેખા અને પ્રવચનો, વ્યાખ્યાનો,પરિસંવાદો વિ.હોય તો તે અંગેની માહિતી ઈ.ચા. અધિકારી આયોજક પાસે અગાઉથી માંગવાને હકદાર રહેશે અને જો તે રજુ કરવામાં ન આવે તો ઈન્ડોર સ્ટેડિયમની ફાળવણી સ્થગિત થવા પાત્ર રહેશે.

૯. ઈન્ડોર સ્ટેડિયમની બેઠક વ્યવસ્થાના પ્લાનની **એક** કોપી જો અરજદાર માંગણી કરશે, તો અરજી પત્રક સાથે આપવામાં આવશે તથા વધારાની કોપી માટે રૂા.૧૦૦/– નો ચાર્જ લઈ આપવામાં આવશે.

૧૦. કાર્યક્રમ અંગેની આમંત્રણ પત્રિકા, ટીકીટો, જાહેરાત કે અન્ય પ્રચાર/ પ્રસાર માધ્યમોમાં " **પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ** " એ મુજબનું પુરુ નામ દર્શાવવાનું રહેશે.

૧૧. વિદ્યુત ઉપકરણોના વપરાશ ઉપર ઈન્ડોર સ્ટેડિયમના ઈ.ચા. અધિકારીનો અંકુશ રહેશે.

૧૨. ઈન્ડોર સ્ટેડિયમના પ્રેક્ષકગૃહમાં ઠંડા / ગરમ પીણાં કે કોઈપણ ખાદ્ય પદાર્થો લાવી કે પીરસી શકાશે નહીં.

૧૩. ડીપોઝીટની રકમમાંથી નિયમોનુસાર વસુલાત કરી, બાકી રકમ કાર્યક્રમ પુરો થયા બાદ સામાન્ય સંજોગોમાં દિન–૧૫ માં પરત કરવામાં આવશે.

૧૪. (૧) કાર્યક્રમને લગતું જાહેરાતનું એક બોર્ડ કાર્યક્રમના દિવસથી ૭ (સાત) દિવસ અગાઉ વિના મુલ્યે ઈન્ડોર સ્ટેડિયમનાપરિસરમાં મુકી શકાશે. પરંતુ, તે અગાઉ મુકવા માટે બોર્ડ દીઠ રોજના રૂા.૨૦૦/– વસુલ લેવામાં આવશે. આ બોર્ડ કાર્યક્રમ પુરો થયેથી, તરત જ પરિસરમાંથી ખસેડી લેવાનું રહેશે. જેમાં વિલંબ કર્યેથી બોર્ડ દીઠ રોજના રૂા.૨૦૦/– વસુલ લેવામાં આવશે.

(૨) કાર્યક્રમ દરમ્યાન આયોજક ધ્વારા મુખ્ય પ્રવેશધ્વાર અને મુખ્ય સ્ટેજ ઉપર કાર્યક્રમ અને / અથવા સંસ્થાને લગતુએક બેનર વિનામુલ્યે મુકી શકાશે, જયારે સ્ટેડિયમની અંદર અને તેના પરિસરમાં ધંધાકીય જાહેરાતના હેતુ માટે ૫' × ૪' સાઈઝના બેનર નંગ–૧૦ વિનામૂલ્યે મૂકી શકાશે. તેનાથી વધુ મૂકવામાં આવેલ બેનર માટે બેનર દીઠ રૂા.૨૦૦/– પ્રતિ સેશન વસુલ લેવામાં આવશે. અત્રે જણાવેલ સાઈઝ કરતા મોટી સાઈઝના હોય તેવા બેનરો માટે ઉપરોકત સાઈઝના ગુણાંક મુજબ ગણત્રી કરી, બેનર ચાર્જ વસુલ લેવામાં આવશે.

(૩) કાર્યક્રમ દરમ્યાન આયોજક ધ્વારા સ્ટેડિયમના પરિસરમાં જાહેરાત કે ધંધાકીય પ્રચાર માટે ૧૦' × ૧૦' સાઈઝનાસ્ટોલ નંગ–૨ વિનામૂલ્યે ઉભા કરી શકાશે. તેનાથી વધુ ઉભા કરવામાં આવેલ સ્ટોલ માટે સ્ટોલ દીઠ રૂા.૫૦૦/– પ્રતિ સેશન વસુલ લેવામાં આવશે. અત્રે જણાવેલ સાઈઝ કરતા મોટી સાઈઝના હોય તેવા સ્ટોલ માટે ઉપરોકત સાઈઝના ગુણાંક મુજબ ગણત્રી કરી, સ્ટોલ ચાર્જ વસુલ લેવામાં આવશે.

(૪) કાર્યક્રમ દરમ્યાન આયોજક ધ્વારા એલ.સી.ડી. પ્રોજેકટર/ વીડીયો પ્રોજેકટર મુકી સ્ક્રીન ઉપર કાર્યક્રમનું

જીવંતપ્રસારણ, જાહેરાત, ડોકયુમેન્ટરી ફીલ્મ વિગેરે દર્શાવવામાં આવે તો સ્ક્રીન દીઠ રૂા.૧,૦૦૦/– પ્રતિ સેશન પ્રમાણે ચાર્જ વસુલ લેવામાં આવશે.

(૫) સુરત મહાનગરપાલિકા ધ્વારા નકકી કરેલ જગ્યામાં વ્હીકલ પાર્કીગ કરાવવાનુ રહેશે.

(૬) વ્હીકલ પાર્કીગ તેમજ વ્હીકલની સલામતી બાબતની સઘળી જવાબદારી આયોજકની રહેશે.

(૭) આયોજક ધ્વારા કાર્યક્રમની જાહેરાતો, ટીકીટો, આમંત્રણ પત્રિકા વિ.માં પાર્કિંગના લોકેશન દર્શાવવાનાં રહેશે.

૧૫. (અ) ઈન્ડોર સ્ટેડિયમના નિયમોના અર્થઘટન માટે અને તેમાંથી ઉપસ્થિત થતી કોઈપણ બાબતમાં મ્યુ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. જેના ભંગ બદલ મ્યુ.કમિશનરશ્રી રૂા.૧૦,૦૦૦/– કે તેથી વધુ રકમનો દંડ કરી શકશે.

(બ) કાર્યક્રમ દરમ્યાન નકકી કરેલ નિયમોનો ભંગ થશે અથવા પ્રેક્ષકો ધ્વારા ગેરશિસ્ત આચરવામાં આવશે તો તેવા સંજોગોમાં કાર્યક્રમ રદ કરી,ભાડુ તથા ડીપોઝીટની સઘળી રકમ જપ્ત કરવાને સુરત મહાનગરપાલિકા હકદાર રહેશે.



૧૬. જો કોઈ સંજોગોમાં કાર્યક્રમ પહેલાં, દરમ્યાન કે ત્યારબાદ આયોજક ધ્વારા કે આયોજક સાથે કોઈપણ બાબતે વિવાદ ઉપસ્થિત થાય અને જો કોર્ટમાં દાવો દાખલ કરવાનો કે ચલાવવાનો થાય તો તે ફકત સુરત જ્યુરીસ્ડીકશનને આધિન રહેશે.

૧૭. આયોજક ધ્વારા કાર્યક્રમની ટીકીટ/ આમંત્રણ પત્રિકા ઉપર ઈન્ડોર સ્ટેડિયમના ગેઈટ નંબર તથા બ્લોક નંબર દર્શાવવાના રહેશે.

૧૮. કાર્યક્રમના આયોજક ધ્વારા જો ઈન્ડોર સ્ટેડિયમના એરેનામાં આવેલ વુડન ફલોરીંગ ઉપર સ્ટેજ બાંધવાનુ થાય કે સોફા, સ્ટીલની ખુરશી, ટેબલ વિગેરે મુકવાના થાય તો તે હયાત કારપેટ ઉપર વધારાની કારપેટ પાથરી, ફલોરીંગને નુકશાન ન થાય તે પ્રમાણે ગોઠવવાના રહેશે.

## પરિશિષ્ટ – ક

## આયોજકો ધ્વારા ફરજીયાત રીતે મેળવવાના પરવાના, મનોરંજન કર,મ્યુનિસિપલ વેરા વિગેરે બાબત

૧. સુગમ ગીત સંગીત, શાસ્ત્રીય નૃત્ય, નાટક, પારંપરિક રાસ–ગરબા, ગઝલ, કવ્વાલી, મુશાયરો, કવિ સંમેલન વિગેરે તમામ પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમો પૈકી જે તે સમયે મેળવવાપાત્ર થતા હોય તેવા તમામ કાર્યક્રમો માટે ગુજરાત રાજય સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ પાસેથી જરૂરી લાયસન્સ મેળવવાનું રહેશે. જેની ચકાસણી માટે રાજય સરકારશ્રી તરફથી મોકલવામાં આવેલ સક્ષમ અધિકારીશ્રી કે તેઓના નિયુકત પ્રતિનિધિને કાર્યક્રમ દરમ્યાન પ્રેક્ષકગૃહમાં અનુકુળ બેઠક આયોજકે ફાળવવાની રહેશે.

૨. કલેકટરશ્રી,સુરત પાસેથી કરમુકિત / મનોરંજન કરવેરા મુકિત લાયસન્સ મેળવવાનું રહેશે.

૩. પોલીસ કમિશનરશ્રી, સુરત પાસેથી પરફોર્મન્સ લાયસન્સ તથા ટીકીટ સેલીંગનું લાયસન્સ મેળવવાના રહેશે.

૪. કાર્યક્રમ પ્રવેશ ફી વિનાનો રાખ્યો હોય અને ફકત આમંત્રણ પત્રિકા રાખવામાં આવી હોય તો ઉપરના તમામ લાયસન્સો ઉપરાંત સુરત મહાનગરપાલિકાના સીધાવેરા અમલદારશ્રી પાસેથી મનોરંજન કરમુકિત (થીયેટર ટેક્ષ) નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. ફી નો દર રાખવામાં આવ્યો હશે તો ભરેલ ડીપોઝીટમાંથી થીયેટર ટેક્ષ (મનોરંજન કર) ની રકમ વસુલ લેવામાં આવશે.

૫. જરૂરી લાયસન્સો મેળવ્યા સિવાય ઈન્ડોર સ્ટેડિયમમાં કાર્યક્રમ યોજી શકાશે નહીં.

૬. ઉપરોકત પરવાના ઉપરાંત કાર્યક્રમ કરવા માટે જરૂરી એવા સ્થાનિક સંસ્થા/રાજય સરકાર/કેન્દ્ર સરકાર વિગેરે સંસ્થાઓમાંથી લેવાના થતા દરેક પરવાના આયોજકે અગાઉથી મેળવી રજુ કરવાના રહેશે. ઉપરાંત કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ ટ્રાફીક નિયમનની જવાબદારી પણ આયોજકની રહેશે.

૭. પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર ધ્વારા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩ની પેટા કલમ ૧ ના ખંડો (ય) અને (લ) હેઠળની જોગવાઈ અન્વયે તા.૨૧–૫–૨૦૦૭ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક એફ/૫૨ફ/૧૦૪૨/૨૦૦૭ તેમજ ત્યારબાદ વખતોવખત બહાર પાડવામાં આવનાર/ પ્રસિધ્ધ કરવામાં આવનાર જાહેરનામાની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવું/ કરાવવાનું રહેશે.